# શાળા-કોલેજોમાં શૈક્ષણિક પ્રવાસો બંધ કેમ થઇ ગયા?

શાળા-કોલેજો દ્વારા થતા શૈક્ષણિક પ્રવાસોનું મહત્ત્વ વિદ્યાર્થી વિકાસ માટે આંકીએ એટલું ઓછું છે. વિદ્યાર્થીના સર્વાંગી વિકાસમાં મિત્રો સાથે – સ્વતંત્રા સાથે કરેલ પ્રવાસ અગત્યનો ભાગ ભજવે છે. દસ-બાર દિવસના માત્ર બે પ્રવાસ વિદ્યાર્થીના વાણી-વર્તન અને વિચારોમાં પરિવર્તન લાવી દે છે. આ પરિવર્તન તેને સાહજિક અને સાહસિક જીવન જીવવામાં મદદરૂપ થાય છે. નેતૃત્વના પાઠો તેમજ વિવિધ પરિસ્થિતિમાં નિર્ણય લેવાની શક્તિનો વિકાસ શાળા-કોલેજોના પ્રવાસ દ્વારા જ શક્ય છે. વિદ્યાર્થીઓ જોઇ-જાણી- અનુભવીને શિક્ષણ મેળવે તે ઉપરાંત આનંદ સાથે મિત્રો સાથે હળીમળીને રહે, એકબીજાની મુશ્કેલીઓને જાણે – મદદરૂપ થાય. જાતે ખરીદે- જાતે નિર્ણય લે. એમાં છેતરાશે તો પણ ભવિષ્યના જીવન માટે ફાયદાકારક જ બનશે. સવારે જાતે વહેલા ઉઠવું- તૈયાર થવું- સમયસર કામ આટોપી લેવા – સારી નરસી પરિસ્થિતિને સમાન રીતે સ્વીકારવી જેવી અનેક બાબતો શીખવા મળે છે. મા-બાપ સાથે કરેલ પ્રવાસ અને શાળા-કોલેજોના મિત્રો-શિક્ષકો સાથે કરેલ પ્રવાસમાં આસમાન જમીનનો ફેર પડે છે. વિદ્યાર્થીકાળમાં પ્રવાસનું શું મહત્ત્વ છે તે સૌ જાણે અને સમજે છે. માટે જ શાળા-કોલેજો કેટલુંક જોખમ લઇને- સખત મહેનત કરીને વેકેશનનો ભોગ આપીને પણ શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરતી હતી. અમદાવાદમાં ઉસ્માનપુરા વિસ્તારની શ્રી વિદ્યાનગર હાઇસ્કૂલ તેના શૈક્ષણિક પ્રવાસ માટે તો એટલી પ્રખ્યાત હતી કે,કેટલાક વિદ્યાર્થીઓ તો શૈક્ષણિક પ્રવાસને કારણે તે શાળામાં પ્રવેશ લેતા હતા! અહીં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી ધોરણ બાર પાસ કરીને શાળા છોડે ત્યારે મોટાભાગનું ભારત દર્શન કરીને જ નીકળતો. પરંતુ હમણાં કેટલાંક વર્ષોથી શાળા-કોલેજોમાંથી પ્રવાસો અદશ્ય થઇ ગયા છે. આ પ્રવાસો બંધ થવા પાછળના કારણોમાં મારી દષ્ટિએ વાલી અને સરકાર છે. જેમાં વાલીનો દોષ વધુ જણાય છે.

શાળા-કોલેજો દ્વારા પ્રવાસનું આયોજન થાય ત્યારે મોટે ભાગે વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળ કે વાલીના વિચારોને સાથે લઇને જ આયોજન થતું હોય છે. શિક્ષકો તનતોડ મહેનત કરીને આયોજનમાં એક-બે માસ પહેલાંથી લાગી જાય છે. રેલવે દ્વારા દીવાળીમાં આપણને બે ટીકીટ પણ ન મળતી હોય તેવા સંજોગોમાં શિક્ષકો પચાસ થી સો જેટલી ટીકીટ મેળવે છે ! આયોજન એ રીતે કરવામાં આવતું હોય છે કે, જેમાં વિદ્યાર્થીને ખર્ચ ઓછામાં ઓછો થાય અને વધુમાં વધુ શીખવા-જોવા-જાણવા મળે. પ્રવાસમાં જનાર શિક્ષકોની સમિતિઓ રચાય, દરેક શિક્ષક પોતાના ભાગે આવેલ જવાબદારી ઘરના કામ છોડીને પણ બજાવે. શાળા પોતે આયોજન કરતી હોય તો શિક્ષકો જ તેલ-મરચું- કોલસા ખરીદવા જાય. પોતાના ખિસ્સામાંથી પણ કેટલોક ખર્ચ કરીને પણ વિદ્યાર્થીઓના ફાયદામાં નિર્ણય લે. દીવાળીના તહેવારોમાં પોતાની પત્ની અને બાળકોને મૂકીને પણ પોતે ફરવા નહીં પણ ફરજ બજાવવા જાય. પ્રવાસ દરમિયાન પોતે ઊંઘે નહીં પણ વિદ્યાર્થીને આરામથી સૂવડાવે, રાત્રે કોઇ વિદ્યાર્થીએ ઓઢ્યું ન હોય તો ઓઢાડે, પહેલાં વિદ્યાર્થીને જમાડે પછી પોતે જમે. જમવાનું ખૂટે તો પણ હસતાં મોઢે ચલાવી લે. જોખમકારક જગ્યા પર પહેલાં પોતે જાય પછી યોગ્ય લાગે તો વિદ્યાર્થીઓને લઇ જાય. વિદ્યાર્થીને ક્યારેય જોખમભરી પરિસ્થિતિમાં ન મૂકે- હા, પોતે જોખમમાં જીવતો હોય છે. પ્રવાસમાં ઓછામાં ઓછી મશ્કેલી અને વધુમાં વધુ આનંદ માટે મથામણ કરતા શિક્ષકોને પ્રવાસના અંતે આત્મસંતોષ સિવાય કશુંજ મળતું હોતું નથી. ઉલટાનું મોટેભાગે વાલીઓ તરફથી કડવાવેણ સાંભળવા મળે કે વાલીઓના ગુસ્સાનો ભોગ બનવું પડે. હા, મોટાભાગના વાલી આવું કરતાં નથી, પરંતુ અણસમજુ, પ્રવાસનો જેને અનુભવ ન હોય તેવા ખૂબ જ થોડા વાલીઓની ઉગ્રતા અને જશને બદલે જાકારો આપવાની ભાવના શિક્ષકના દિલને હચમચાવી મૂકે છે. ત્યારે શિક્ષક વિચારે છે કે અમે આટઆટલું કોના માટે કર્યું?શા માટે કર્યું? અંતે જો અપજશ જ મળવાનો હોય અને માનસિક તાણ અનુભવવાની હોય તો શાળા-કોલેજના પ્રવાસ કરતાં કુટુંબ સાથે પ્રવાસ કેમ ન કરવો?

પ્રવાસ દરમિયાન હજાર નિર્ણય લેવાના આવે, જેમાંથી પાંચ સાત નિર્ણય ખોટા પણ લેવાઇ જાય જે સ્વાભાવિક બાબત છે. જેને આજનો વાલી સ્વીકારી શકતો નથી. પોતાના બાળકની સારસંભાળ લેવાનું સૂચન કરતા આજના કેટલાક વાલી બાળકને પ્રવાસ ઉપડવાના સ્થળે સમયસર મૂકવા કે લેવા પણ આવી શકતા નથી. પ્રવાસ આવી ગયા પછી પણ શિક્ષકે ફોન કરીને વાલીને બોલાવવા પડે કે વિદ્યાર્થીને તેના ઘેર મૂકવા જવું પડે! ક્યારેક તો વાલી શિક્ષકને આવકાર પણ ન આપે. શિક્ષકને સેલ્સમેનની જેમ જૂએ! ઉપરાંત બિચારા શિક્ષકે મજૂરની જેમ કામ કર્યું હોય, શારીરિક રીતે અશક્ત વિદ્યાર્થીનો સામાન પણ ઉપડયો હોય, ખરીદી કરવા રીક્ષામાં ન જતાં ક્યારેક ચાલીને ગયો હોય કે જેથી વિદ્યાર્થીઓના પૈસા બચે, છતાં કોઇ વાલી ભ્રષ્ટાચારનો આક્ષેપ કરે ત્યારે આ શિક્ષકોને કેવો અને કેટલો આઘાત લાગતો હશે? ક્યારેક કોન્ટ્રાકટ પદ્ધતિથી પ્રવાસ ટ્રાવેલ એજન્ટ દ્વારા નક્કી કર્યો હોય તો પણ ભાવતાલ કસીકસીને જ કરેલ હોય છે. શિક્ષક ક્યારેય કટકી કરીને પોતાની મટકી ભરતો નથી.

વાલી સાથે બાળક પ્રવાસમાં જાય અને કદાચ કોઇ આકસ્મિક ઘટના બને, બાળક પડી જાય, નાનું સરખું વાગે કરે તો વાલીનો જવાબ હોય છે- પ્રવાસમાં તો આવું બને, બાળકને ધમકાવીને કહે કે, જોઇને ચાલતો હોય તો વગેરે. પણ આ બાળક જો શાળા-કોલેજના પ્રવાસમાં ગયું હોય અને કોઇ આકસ્મિક ઘટના બને અને બાળક પડે-વાગે તો વાલીનો ગુસ્સો આસમાને જાય છે, શિક્ષકને કહે છે કે તમે શું ધ્યાન આપ્યું. ત્યારે વાલીને કહેવાનું મન થાય કે, અરે ભાઇ તમારી સાથે માત્ર તમારું એક જ બાળક હતું છતાં તમે સાચવી શકતા નથી, તો પેલા શિક્ષક પાસે તો પચાસ થી સો બાળકો હોય છે, ક્યારેક આકસ્મિક ઘટના બને તો તેમાં શિક્ષકની લાપરવાહી નથી હોતી. વાલી પોતે પ્રવાસમાં જાય અને કોઇ મુશ્કેલી પડે કે હોટલમાં જમવાનું યોગ્ય ન હોય તો કહે, “બહાર નીકળીએ એટલે આવું જ મળે, ચલાવી લેવું પડે“. અને શાળામાંથી પ્રવાસ જાય અને જમવામાં કે રહેવામાં ક્યારેક કોઇ કચાસ રહી જાય તો શિક્ષકોનો ઉધડો લેવા માંડે!

શિક્ષકો પ્રવાસ નક્કી કરે ત્યાંથી માંડીને દરેક બાળક હેમખેમ ઘેર ન પહોંચે ત્યાં સુધી સતત ચિંતિત બનીને મથામણ કરતા જ રહે. સારો એવો ભોગ આપ્યા પછી પણ વાલી તરફથી પ્રોત્સાહન તો ન જ મળે, પણ આક્ષેપો સાંભળવાના અને ખુલાસા કરવાના હોય તો સ્વાભાબિક છે કે શિક્ષક શા માટે પ્રવાસ ગોઠવે? પ્રવાસની આકરી મજૂરી અને ઉજાગરા પછી પણ વાલી તરફથી કટુતાભર્યા વેણ સાંભળવા કયો શિક્ષક તૈયાર હોય? આટલું ઓછું હતું તેમાં સરકારે બળતામાં ઘી હોમ્યું. હવે પ્રવાસ-પિકનિક માટે સરકારની પરમિશન લેવાની, પોલીસને સાથે રાખવાની વગેરે વગેરે. ત્યારે શિક્ષકે પ્રવાસના અન્ય આયોજન કરવાના કે પરમિશન અને પોલીસ માટે ધક્કા ખાવાના? પોલીસ આવે એટલે શિક્ષકે પોલીસને પણ સાચવવાની. પોલીસને સાચવવી અને વીસ વિદ્યાર્થીને સાચવવા બરાબર ગણાય? સરકારે આવો નિર્ણય લેતા પહેલાં વિચારણા કરી હશે, પણ એ વિચારણા સંપૂર્ણ નહીં હોય. નહીં તો પ્રવાસ બંધ થયા ન હોત. આમપણ પાટણકાંડ બન્યા પછી ક્યારેક એવું લાગે છે કે, દુખતા અંગની દવા કરવાને બદલે સરકાર જે તે અંગ જ કાપી નાંખવું વધારે પસંદ કરે છે. પાટણકાંડ બન્યા પછી ઇન્ટરનલ ગુણ ઓછા કરી નાંખ્યા? પ્રવાસમાં પરમિશન અને પોલીસ લાવી દીધાં÷ સરકાર એકપક્ષીય જ નિર્ણય કેમ લે છે?એકાદ બે બનાવોને કારણે ચોક્કસ અંગને જ કાપી નાંખે છે. તેની શૈક્ષણિક અસરો કેવી થશે તે નહીં વિરારાતું હોય? સ્કૂટર ચલાવવાથી અકસ્માત થવાની સંભાવના છે. છતાં સરકારનો ઉપકાર કે સ્કૂટર ચલાવવા પર બંધન નથી મૂકતી. હશે, ભાઇ સરકાર છે, ધારે તે કરી શકે અને ધારે તે બંધ પણ કરાવી શકે!

અંતે શાળા-કોલેજોમાં ફરીથી પ્રવાસો ચાલુ થાય તે માટે વાલી અને સરકારે આગળ અવીને પ્રયત્નો કરવા જોઇએ. વાલીઓએ આ અંગેની પોતાની લાગણી અને માંગણી શાળા તેમજ સરકાર સમક્ષ મૂકવી જોઇએ. ઉપરાંત શાળા-શિક્ષકોને પ્રોત્સાહન આપો. શૈક્ષણિક પ્રવાસ બાળકોના સર્વાંગી વિકાસ માટે જરૂરી જ નહીં આવશ્યક છે.